# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૧૯-૦૫-૨૦૨૪ રવિવાર                    સમય : સાંજે ૬:25 કલાકે

---

## લોકસભા ચૂંટણી-પાંચમો તબક્કો:

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં આવતીકાલે છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 49 બેઠકો માટે સવારે સાતથી સાંજના છ વાગ્યા સુધી મતદાન યોજાશે. પાંચમા તબક્કાનું આવતીકાલે મતદાન પૂર્ણ થતાં 428 બેઠકો પર મતદાન પૂર્ણ થશે.

આ તબક્કામાં ભાજપનાં વરિષ્ઠ નેતા રાજનાથસિંહ , સ્મૃતિ ઈરાની, પીયૂષ ગોયલ જ્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી , કે. એલ. શર્મા , નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લા , લોકજનશક્તિ પક્ષના ચિરાગ પાસવાન જેવા પ્રતિષ્ઠિત ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

કેટલાક અગ્રણી નેતાઓ, સાંસદો સહિત કુલ 695 ઉમેદવારોનું ભાવિ આવતીકાલે EVMમાં કેદ થશે. આવતીકાલે મહારાષ્ટ્રની 13 , ઉત્તરપ્રદેશની 14 , પશ્ચિમ બંગાળની 5 , બિહાર અને ઓડિશાની 5-5, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની 1-1 બેઠક માટે મતદાન થશે.

આ સાથે, આગામી 25મી મેના દિવસે છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની 57 બેઠકો માટે મતદાન થશે. જ્યારે સાતમાં તબક્કાની આઠ રાજ્યોની 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન યોજાશે. મતગણતરી ચોથી જૂને થશે.

(RNU અમદાવાદ)

---

## ચારધામ યાત્રા-SOP:

ચારધામ મંદિરનાં પરિસરોના 50 મીટરના અંતરમાં વીડિયોગ્રાફી અથવા તો રિલ બનાવવા પર પ્રતિબંધ લગાવ્યા બાદ પોલીસે પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા – S.O.P. જાહેર કરી છે, જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ છે કે , કોઈ વ્યક્તિ મંદિર પરિસરમાં રિલ બનાવતા જોવા મળશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

ચારધામ યાત્રા માટે અત્યાર સુધી 28 લાખ 98 હજાર 674 લોકોએ નોંધણી કરાવી છે. ચારધામ યાત્રા પ્રત્યે ભાવિકોનાં ધસારાને પગલે આ વખતે ચારધામ યાત્રા ગયા વર્ષનો વિક્રમ તોડશે

એવી પ્રવાસન વિભાગ અને સરકારને આશા છે. ઉલ્લેખનીય છે કે ચાર ધામ યાત્રા માટે નોંધણી કરાવવી ફરજિયાત છે.

(RNU અમદાવાદ)

---

## કોમન એકત-જીસીએએસ પોર્ટલ:

રાજ્યની સરકારી યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ થયા બાદ ચાલુ શૈક્ષણિક સત્રથી પ્રવેશ પ્રક્રિયા કોમન બનાવાઇ છે.

દરમિયાન, પોર્ટલમાં ફોર્મ ભરવાની તારીખ જાહેર થઈ છે જે પ્રમાણે કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ 15 થી 28 મે સુધી GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી , કોલેજની પસંદગી કરી શકશે. ફોર્મ ભરાયા બાદ કામચલાઉ મેરીટ બનશે જે 7 થી 10 તારીખ સુધી પોર્ટલ પર જોઈ, ફરિયાદ કે વાંધો હોય તો સ્થાનિક યુનિવર્સિટી/કોલેજમાં રજૂઆત કરી શકશે. ત્રીજા તબક્કામાં 13 થી 21 જૂન સુધી વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ પર ફાઇનલ પ્રવેશ યાદી ચકાસી ઓફર લેટરની પ્રિન્ટ લઈ જે તે કોલેજમાં અસલ પ્રમાણપત્ર સાથે કોલેજ ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## દિન દયાળ પોર્ટ-રેલવે વેગન:

દિન દયાળ પોર્ટ, કંડલા દ્વારા તાજેતરમાં પ્રથમ વખત, ભારતમાં ઉત્પાદીત થયેલા રેલવે વેગનોની નિકાસનું હેન્ડલીંગ કરીને વધુ એક સફળતા મેળવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છથી પ્રથમ વખત રેલવે વેગનની નિકાસ થઈ છે. આ કન્સાઈન્મેન્ટ ભારતની નિકાસની ક્ષમતાનું એક મોટુ પગ લું દર્શાવે છે. અને ઉત્પાદન અને લોજીસ્ટીકમાં ભારતની વધતી જતી શક્તિને પણ આ હેન્ડલીંગ પ્રકાશીત કરે છે.

દિન દયાલ પોર્ટ કાર્યક્ષમ હેન્ડલીંગ અને લોડીંગ કામગીરીમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારને સરળ બનાવવા અને મેન ઈન ઈન્ડીયાની પહેલને સમર્થન આપવા માટે પ્રતિબધ્ધ હોવાનું પ્રવકતા અને જનસંપર્ક અધિકારી એ જણાવ્યું હતું. તો, પોર્ટ પ્રશાસને ડીપીએ બોર્ડના સભ્યો , કામદાર સંગઠનો, પોર્ટ વપરાશકારો, અને કર્મચારીઓ પ્રત્યે સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## ગાંધીધામ-સોલાર સ્ટડ લાઈટ:

ગાંધીધામ અને આદિપુરને જોડતા ટાગોર રોડ પર અકસ્માત નિવારવા સુર્યપ્રકાશ સંચાલીત સોલાર સ્ટડ ત્રણ જગ્યાએ લગાવવામાં આવી છે.

વધુમાં મળતી માહિતી મુજબ. વધતા વાહન વ્યવહાર સાથે વધી રહેલી અકસ્માતોની ઘટના ટાળવા પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ટાગોર રોડના ક્રોમા ટી પોઇન્ટ, સુંદરપુરી અને હોતચંદાણી ટી પોઇન્ટ પર રાત્રિના સમય દરમિયાન વાહન ચાલકોને ટોપલાઇન કે જ્યાં વાહન થોભાવવાની હોય તે દૂરથી નજર આવે તે ઉદ્દેશ્યથી ટ્રાફિક સિગ્નલ પર સૂર્યપ્રકાશ સંચાલીત સોલાર સ્ટડ લાઇટ રોડ ઉપર લગાવવામાં આવી છે.

તેમજ રાત્રિ દરમિયાન ફરજ પરના કર્મચારીઓને રીફલેક્ટર જેકેટ તેમજ લાઇન બેટનનો ઉપયોગ કરી ટ્રાફિક નિયમનની કામગીરી સરળ બને તેવા પગલા લેવાયા છે. જે અકસ્માતોને નિવારવા તેમજ ટ્રાફિક પોલીસના કર્મીઓને કામગીરીમાં સરળતા અપાવશે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## હીટવેવ-સેનિટેશન શાખા:

હિટવેવની આગાહીને પગલે સેનિટેશન શાખા ના કામના સમયમાં છૂટછાટ સાથે ફેરફાર કરાયો છે, જેમાં બપોરે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી સફાઈ કામદારોને કામથી રાહત અપાઈ છે. તમામ સેનિટેશન શાખાના સફાઈ કામદારોનો કામગીરીનો સમય સવારે 6 વાગ્યાથી 11 વાગ્યા સુધી અને સાંજે 5 વાગ્યાથી 8 વાગ્યા સુધી રાખવા જણાવવામાં આવ્યું છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન વિભાગ- યેલ્લો એલર્ટ:

હવામાન વિભાગે આગામી પાંચ દિવસને લઈને વિવિધ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યા છે. કચ્છમાં ગુરૂવાર સુધી હીટવેવ રહેવાની સંભાવનાએ હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ દિવસોમાં ગરમી અસહ્ય રહેશે જેના પગલે લાંબા સમયથી બીમારી હોય તેવા લોકો , વડીલો અને બાળકોની સંભાળ લેવા જણાવાયું છે. આ ઉપરાંત તડકામાં નીકળતી વખતે માથું ઢાંકેલું રાખવા, ઢીલા અને હળવા રંગના સુતરાઉ વસ્ત્રો પહેરવાની સલાહ આપવામાં આવી છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---